## આંક–૧ લગત હુકમ

(૧) આ કામે આરોપી વિરૂઘ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧), ૬૬(૧)(બી) મુજબના ગુના સંબંધે ચાર્જશીટ રજુ થતા તે ક્રિમિનલ કેસ રજીસ્ટરે નોંધી આરોપીને પ્રોસેસ કરતા તે હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી તરફે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧) ના ગુનાના કામે ડિસ્ચાર્જ અરજી રજુ કરતા અત્રેની અદાલતે તે ગુનામાં આરોપીને ડિસ્ચાર્જ કરવામાં આવેલ અને ત્યારબાદ ગુજરાત પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના અન્વયે પ્લી નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીએ પોતાના સામેના ગુનાની કબુલાત આપેલ છે. ત્યારબાદ આરોપી ઘ્વારા અલગથી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ ગુન્હાનો સ્વીકાર કરેલ, જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાત્રી કરી કબુલાતનો સ્વીકાર કરી કામમાં દાખલ કરેલ અને આરોપીએ વધુમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે અને કુટુંબના જવાબદાર છે અને ગરીબ માસણ છે જેથી હળવી સજા–દંડ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે આરોપી સામેનો ગુનાનો આક્ષેપ તથા સજાની જોગવાઈ ઘ્યાને લેવામાં આવેલ છે. આ કામે સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોટની ડીવીઝન બેન્ચે એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. આમ, ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખી હાથ પરના કેસમાં પણ આરોપીએ તેઓની સામેના ગુના કબુલાતની પુરસીસની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુનો હોય અને ગરીબ માણસ હોવાનુ જણાવેલ છે.

(૩) આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીએ સ્વૈચ્છિક ગુન્હો કબુલ કરેલ હોઈ તેથી કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતા તથા નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાને વળગી રહીને આરોપીની કબુલાતનો સ્વીકાર કરવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ રૂા.૩૦૦/– ભરપાઈ ન કરે તો દિન– ૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ: ૧૪ મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ મેજીસ્ટ્રેટના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઠાસરા
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**( વી.એ.ઠકકર )**
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ઠાસરા
કોડ નં. જીજે૦૧૪૫૫